**મહે.શ્રી વાંકાનેર ના એડી. ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા,મું.વાંકાનેર**

**ફો. કેસ નં.૨૧૮/૨૦૨૫**
**આંક- ૧૧**

**ફરીયાદી.**

શ્રી સરકાર વતી એમ.આર.સુરાણી
મદદનીશ સરકારી શ્રમ અધિકારી અને
લઘુતમ વેતન અધિનિયમ હેઠળ, નિરીક્ષક ,મોરબી

**વિરુધ્ધ**

**આરોપી.**

જયદીપભાઈ મનસુખભાઈ વિડજા
રહે.નવા દેવળીયા,તા.જી.મોરબી.

**<u>ગુનો: લઘુતમ વેતન અધિનીયમ ૧૯૪૮ ની કલમ ૨૨ મુજબ...</u>**

**:: ચુકાદો ::**

૧. આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષના કેસ મુજબ તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજ તપાસણી દરમ્યાન માલુમ પડેલ કે ખેતરના કામે રોકાયેલા તમામ શ્રમયોગીઓને લઘુતમ વેતન અધિનીયમ ૧૯૪૮ ની કલમ ૨૬(૬)(બી) મુજબ શ્રમીકની પગાર ચીઠી અને સંયુકત પગાર પોથીની એક નકલ ખેત શ્રમીકને આપીને એક નકલ ખેત માલીકે ત્રણ વર્ષ સુધી સાચવી રાખવી જોઇએ જે ખેત માલીકે સાચવી રાખેલ નથી. તથા લઘુતમ વેતન અધિનીયમ ૧૯૪૮ ની કલમ ૨૬(૬)(સી) મુજબ સંયુકત પગાર પોથી ખેત શ્રમીકની હાજરીમાં ભરવામાં આવી નથી. તથા લઘુતમ વેતન અધિનીયમ ૧૯૪૮ ની કલમ ૧૯(૪) મુજબ ખાતેદારે દસ્તાવેજી પુરાવાઓ જેવા કે નમુના નં.૭/૧૨ ના ઉતારાની નકલ તથા રોકવામાં આવતા ખેત શ્રમીકને ચુકવવામાં આવતા વેતનની પગાર પોથી /પગાર ચીઠીની નકલો રજુ રાખેલ નથી. આમ મારી તપાસણી સમયે તમામ ખેત માલીકે લઘુતમ વેતન અધિનીયમ ૧૯૪૮ ની કલમ ૨૨(એ) ની જોગવાઈનો ભંગ કર્યા અંગેનો ગુન્હો કર્યાની ફરીયાદ દાખલ કરેલ છે.

૨. ફરીયાદના આધારે આરોપીઓને સમન્સ કરી આરોપી હાજર થતા આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ની જોગવાઈ અન્વયે કેસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ અને આંક-૯ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા જેમાં આરોપીએ સ્વેચ્છાએ પોતાનો ગુન્હો કબુલ કરતા હોય અને આ કામના આરોપીએ આંક-૧૦ થી ગુન્હો કબુલાત

ફરમીશ રજુ કરેલ છે. તે ધ્યાને લેતા, તેમાં તેમણે ભવિષ્યમાં ગુન્હો નહી બને તેની ખાત્રી આપી છે. તેથી આરોપીની ગુન્હા કબુલાત સાચી અને સ્વેચ્છીક હોય નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીનો આ પ્રથમ ગુન્હો છે, અને થયેલ ગુન્હા બદલ પસ્તાવો પ્રગટ કરે છે. તેથી આ કામના આરોપીની ગુન્હા કબુલાતના આધારે જ તેઓ તકસીરવાન ઠરતા હોય, પરંતુ તેમણે આજ રોજ લોક અદાલત સમક્ષ તેમનો ગુન્હો કબુલ કરતા હોય, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**:હુકમ:**

— આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૫ અન્વયે લઘુતમ વેતન અધિનીયમ ૧૯૪૮ ની કલમ ૨૨ મુજબના ગુનામાં દોષીત ઠરાવેલ છે જેથી આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ. ૧૫૦૦/- (રૂપિયા પંદર સો —— પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ જમા કરાવવામાં કસુર કરે તો દિન-૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

— હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

**હુકમ** : તારીખ: **૧૪ મી, માહે માર્ચ, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી સ્પે. સીટીંગમાં, વાંચી, સંભળાવી મારી સહી/ સીક્કો કરીને જાહેર કરવામાં આવેલ છે.

14/03/26
01:00

સ્થળ : હળવદ.
તા.: ૧૪-૦૩-૨૦૨૬

(એન.જી.સુરતી)
એડી. ચીફ જ્યુડી. મેજી.-હળવદ

દંડની રકમ રૂ. ૧૫૦૦
અંકે રૂપિયા પંદરસો પુરા
પુરા રો.પા.નં. ૯૭૯
પર પર જમા/ઉધાર

નાઝર
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ
હળવદ